ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૫/૮/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી .........................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા નેશનલ રૂરલ આઈ.ટી.ક્વીઝ યોજાઈ

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા આ વર્ષે રાજયકક્ષાની નેશનલ લેવલ રૂરલ આઈ.ટી. ક્વીઝ–૨૦૧૫ સ્પર્ધાનું આયોજન ગુજરાતમાં પ્રથમ જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજય કક્ષાએ કરેલ છે.

જિલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. ક્વીઝ ૨૦૧૫નું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા **તા.૧ ઓગષ્ટ, ૨૦૧૫** શનિવારના **રોજ સવારે ૯:૦૦ થી ૪:૦૦ દરમિયાન મેડીકલ કોલેજ, એસ. ટી. બસસ્ટેન્ડ પાછળ, ભાવનગર** ખાતે કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ગ્રામ્ય વિસ્તારની ૬૦ શાળાઓના ધોરણ ૮ થી૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ૧૨૦ ટીમોએ ભાગ લીધેલ.

આ જિલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી. ક્વીઝ ૨૦૧૫ના ઉદઘાટન કાર્યક્રમમાં શ્રી મહેન્દ્રભાઈ પટેલ (નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ભાવનગર), મનહરભાઈ રાઠોડ (જ્ઞાનગુરૂ વિદ્યાપીઠ) શ્રીપરેશભાઈ ત્રિવેદી (પ્રેસીડેન્ટ, કલ્યાણ ફાઉન્ડેશન) ડૉ.ભાવેશભાઈ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ) ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ.

રૂરલ આઈ.ટી. ક્વીઝ ૨૦૧૫માં ભાગ લેનાર દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. આ સ્પર્ધામાં પ્રથમ દસ ટીમો રાજયકક્ષાએ યોજાનાર રૂરલ આઈ.ટી. ક્વીઝ ૨૦૧૫માં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડે કરેલ કાર્યક્રમને સફળ બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવેલ.

પ્રી.પ્રી.ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.